શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૨૬

# શ્રી નંદી સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

**અહો ગુરુદેવ!**
**આપની આજ્ઞા સહ પરમ કૃપાએ**
**સાકાર પામેલી ગુરુ પ્રાણ**
**આગમ બત્રીસી આધારિત**
**આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે**
**આપના કરકમલમાં અર્પણ... સમર્પણ...**

# શ્રી નંદી સૂત્ર

શ્રી નંદીસૂત્ર ચાર મૂળસૂત્રોમાં ત્રીજું મૂળસૂત્ર છે. તેની રચના પૂર્વધર શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે આગમ લિપિકાળમાં કરી છે.

આ સૂત્રમાં મંગલાચારણ રૂપે તીર્થંકરો, ગણધરો, સ્થવિરોને વંદના કરીને, ચૌદ પ્રકારના શ્રોતા તથા ત્રણ પ્રકારની પરીષદ્‌નું કથન છે. ત્યાર પછી પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન છે. આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણની મુખ્યતા છે. અખંડ, પૂર્ણ જ્ઞાન જ જીવના અનંત આનંદનું કારણ છે. નંદી એટલે આનંદ અને તેથી પાંચ જ્ઞાનના સ્વરૂપનું પ્રતિપાદન કરતાં શાસ્ત્રનું નામ 'નંદીસૂત્ર' સાર્થક છે.

**મંગલાચરણ** – જગજ્જીવોની ઉત્પતિસ્થાનના જ્ઞાતા, જગદ્‌ગુરુ, જગનાથ, જગબંધુ, આનંદદાતા, વીતરાગી સર્વજ્ઞ, તીર્થંકરોએ નિષ્કામ કરુણાથી શાસનની સ્થાપના કરીને, ભવી જીવોને દુઃખમુકિત માટે સન્માર્ગનું દર્શન કરાવ્યું. તેમના અનંત ઉપકારોને અંતરમાં અવધારીને સાધકની સાધનાના આદર્શભૂત શ્રી દેવાધિદેવ તીર્થંકર પરમાત્માને ભાવવંદન કરવા રૂપ મંગલાચરણ

કાર્યસિદ્ધિદાયક છે. ઋષભદેવ આદિ ૨૪ તીર્થંકરો ૧૧ ગણધરો અને તેમની પાટાનુપાટ રહેલા અનેક યુગપ્રધાન આચાર્ય ભગવંતોને વંદન કરવા, તે સાધનાના પ્રારંભનું કર્તવ્ય છે.

તીર્થંકરની જેમ તીર્થંકર દ્વારા સ્થાપિત ચતુર્વિધ સંઘ પણ વંદનીય અને પૂજનીય છે, તેથી સૂત્રકારે શ્રી સંઘને નગર, ચક્ર, રથ, પદ્મકમળ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર, મેરુપર્વત આદિ આઠ ઉપમાથી ઉપમિત કરીને તેની મહત્તા પ્રદર્શિત કરી છે.

**શ્રોતા** – શાસ્ત્રના ભાવોને યથાર્થ રીતે શ્રવણ કરીને જ અવધારણ કરે, તે શ્રોતામાં એક વિશેષ પ્રકારની યોગ્યતા હોવી જરૂરી છે. શાસ્ત્રકારે યોગ્ય-અયોગ્ય શ્રોતાના ચૌદ પ્રકારનું કથન કર્યું છે. યથા –

**(૧) શૈલ**– જિનવાણીના ઉપદેશની આંશિક પણ અસર ન થાય, તે શ્રોતા શૈલ-પથ્થર જેવા છે. **(૨) ઘડો**– ઘડાના બે પ્રકાર છે, કાચા અને પાકા ઘડા. જેમ કાચા ઘડામાં પાણી નાંખતા તે તૂટી જાય છે, તેમ અબુધ વ્યક્તિના અંતરમાં ઉપદેશ ટકતો નથી. પાકા ઘડામાં પણ નવા ઘડામાં પાણી ઠંડુ અને મધુર રહે છે રીઢા ઘડામાં પાણી ઠંડુ થતું નથી, તેમ સુપાત્ર નવદીક્ષિત

આગમભાવોને અંતરમાં ધારીને પોતાના કષાયોને ઉપશાંત કરે છે. કેટલાક રીઢા ઘડા જેવા શ્રોતાને ઉપદેશની અસર થતી નથી. (૩) **ચાળણી–** ચાળણી પાણીમાં નાંખીએ, ત્યારે છલોછલ ભરેલી દેખાય પરંતુ પાણીમાંથી બહાર કાઢતાં ખાલી થઈ જાય છે, તેમ કેટલાક શ્રોતા સાંભળ્યા પછી તુરંત ખાલી થઈ જાય અર્થાત્ ભૂલી જાય છે. (૪) **ગરણી–** ગરણી સારભાગ રૂપ સ્વચ્છ પાણીને છોડીને, કચરાને જ સાચવી રાખે છે, તેમ કેટલાક શ્રોતા સારરૂપ ભાવોને છોડીને અસાર–તત્ત્વોને જ સ્મૃતિમાં રાખે છે. (૫) **હંસ–** હંસની ચાંચ ક્ષીર–નીરનો ભેદ કરીને ક્ષીર–દૂધ પીએ છે, તે રીતે કેટલાક શ્રોતા હંસની જેમ ગુણગ્રાહી હોય છે. (૬) **બકરી–** બકરી પાણીને ડહોળ્યા વિના સ્વચ્છ પાણી પીએ છે, તેમ કેટલાક શ્રોતા શાસ્ત્રશ્રવણ કરી ગુરુને પ્રસન્ન રાખે છે, વાતાવરણને સ્વચ્છ રાખે છે. (૭) **ભેંસ–** ભેંસ જળાશયના સ્વચ્છ પાણીને ડહોળી નાંખીને, ડહોળું પાણી પીવે છે, તે જ રીતે અવિનીત શ્રોતા ગુરુના ચિત્તને વિક્ષિપ્ત બનાવે છે. પોતે શાંતિથી રહેતો નથી કે બીજાને શાંતિ પમાડતો નથી. (૮) **ડાંસ મચ્છર–** મચ્છર ગણગણાટ કરીને પછી શરીર પર ડંખ

મારે છે, તેમ કેટલાક શ્રોતા ગુરુનો ઉપદેશ સાંભળીને ગુરુની નિંદા કરે છે. (૯) **જળો**– મનુષ્યના શરીરમાં ગૂમડાં આદિ પર જળો મૂકવાથી, તે ભાગમાં રહેલા અશુદ્ધ લોહીને જ પીએ છે, તેમ કેટલાક શ્રોતા આચાર્ય આદિના આગમજ્ઞાન છોડીને દુર્ગુણોને જ ગ્રહણ કરે છે. (૧૦) **જાહગ**– ઉંદર જેવું જાહગ પ્રાણી દૂધ, દહીં આદિ ખાદ્ય પદાર્થો ખાય ત્યારે, ખાતાં–ખાતાં વચ્ચે આજુબાજુનાં ચોંટેલા ખાદ્ય પદાર્થને ચાટીને સાફ કરી નાંખે છે, તે જ રીતે કેટલાક શ્રોતા પૂર્વે શીખેલા શ્રુતને સ્મૃતિમાં રાખે અને નવા સૂત્રને પણ ગ્રહણ કરે છે. (૧૧) **ગાય**– ચાર બ્રાહ્મણ વચ્ચે ભેટમાં આવેલી ગાયને કોઈ ઘાસચારો નાંખતું ન હતું, પરંતુ દૂધ લેવા બધા તૈયાર થઈ જાતા હતા. તેમ કેટલાક શ્રોતાઓ એમ વિચારે છે કે ગુરુ સર્વના છે, મારા એકના કયાં છે ? તેમ વિચારી ગુરુની સેવા કરતા નથી પરંતુ ગુરુનો ઉપદેશ સાંભળવા તૈયાર થાય છે. તેવા શ્રોતા જ્ઞાનપ્રાપ્તિ કરી શક્તા નથી. (૧૨) **બિલાડી**– તે દૂધ–દહીંના વાસણોને ઢોળીને, ધૂળમિશ્રિત કરીને પછી દૂધ–દહીં ચાટે છે, તેમ કેટલાક શિષ્યો ગુરુ પાસે સીધું જ્ઞાન ગ્રહણ કરી શકતા નથી. બીજા–ત્રીજા પાસેથી જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે

છે, તેવા શ્રોતા જ્ઞાનના અધિકારી નથી. (૧૩) **ભેરી–** શ્રીકૃષ્ણ પાસે એક દિવ્ય ભેરી (નગારું) હતી. છ મહિને એકવાર તે વગાડવામાં આવતી. તેના શ્રવણથી રોગીઓના રોગ મટી જતા, ભેરીવાદક પૈસાની લાલચમાં ભેરીનો ટુકડો કાઢી, ત્યાં નવો ટુકડો બેસાડી આપવા લાગ્યો. પરિણામે ભેરીની રોગ નિવારણ શકિત ખતમ થઈ ગઈ. કૃષ્ણના ભેરીવાદકની જેમ આચાર્ય દ્વારા પ્રાપ્ત અર્થને જે છુપાવે છે, તેના ભાવમાં પરિવર્તન કરીને મિથ્યા પ્રરૂપણા કરે છે. તે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. (૧૪) **આહીરદંપતિ–** ઘીના ઘડા વેંચવા ગયેલા આહીર દંપતિના પરસ્પરના કલેશમાં ઘડો ફુટયો અને બધુ ઘી ગુમાવ્યું, તેમ કેટલાક શ્રોતાઓ આચાર્ય સાથે અથવા પરસ્પરના સંઘર્ષમાં શ્રુતજ્ઞાનને ગુમાવે છે.

**ત્રણ પ્રકારની પરિષદ** – શ્રોતાઓના સમૂહને પરિષદ કહે છે. તેના ત્રણ પ્રકાર છે – (૧) હંસની જેમ ગુણગ્રાહી, દષ્ટિસંપન્ન, સુશિક્ષિત પુરુષોની સભાને **જ્ઞાયિકા પરિષદ** કહે છે. (૨) મૃગના બચ્ચાની જેમ જે પ્રકૃતિથી સરળ હોય, તેનામાં ઈચ્છાનુસાર સંસ્કાર સ્થાપિત કરી શકાય છે, તેવા અજ્ઞાની છતાં સરળ પુરુષોની સભાને **અજ્ઞાયિકા પરિષદ** કહે છે. (૩) જે

વ્યક્તિ સ્વયં સત્ય સમજે નહીં અને વક્રતાના કારણે બીજાની વાત સ્વીકારે નહીં, તેવા વક્ર-જડ પુરુષોની સભાને **દુર્વેદજ્ઞપરિષદ** કહે છે.

## જ્ઞાનના ભેદ-પ્રભેદ

જેના દ્વારા વસ્તુ તત્ત્વનો બોધ થાય, તે જ્ઞાન છે, જાણવું તે જ્ઞાન છે, જે જણાય છે, તે જ્ઞાન છે. આ રીતે જ્ઞાનસ્વરૂપી આત્મા સ્વયં કર્તા છે. તે જ્ઞાન દ્વારા જાણે છે, તેથી જ્ઞાન સાધન છે અને જાણવા રૂપ ક્રિયા જ્ઞાનમાં જ થાય છે, તેથી તે ક્રિયા રૂપ પણ છે. આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણ મુખ્ય છે. જ્ઞાનગુણના માધ્યમથી જ અનંત ગુણોનો બોધ થાય છે. જ્ઞાનગુણ અખંડ છે, તેમાં ભેદ નથી પરંતુ જ્ઞાનગુણને આવરિત કરનાર જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમના આધારે અથવા ક્ષયના આધારે જ્ઞાનના મુખ્ય બે ભેદ થાય છે, પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન. (૧) ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી જે જ્ઞાન થાય છે, તે **પ્રત્યક્ષજ્ઞાન** છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ક્ષાયોપશમિક જ્ઞાન હોવાથી **દેશપ્રત્યક્ષ** છે અને કેવળજ્ઞાન પૂર્ણ અને અખંડ હોવાથી **સર્વપ્રત્યક્ષ** છે. (૨) ઈન્દ્રિય અને મનની સહાયતાથી જે જ્ઞાન થાય, તે

**પરોક્ષજ્ઞાન** છે. મતિ અને શ્રુત, આ બે પરોક્ષજ્ઞાન છે.

લોક વ્યવહારમાં ઈન્દ્રિયથી થતાં મતિ, શ્રુત જ્ઞાનને પ્રત્યક્ષજ્ઞાન કહે છે, જેમ કે - મેં પોતે આ દ્રશ્ય જોયું, પ્રત્યક્ષ શબ્દો સાંભળ્યા વગેરે, તેથી દર્શનશાસ્ત્રમાં ઈન્દ્રિયજન્ય જ્ઞાનને સાંવ્યાવહારિક પ્રત્યક્ષ કહેલ છે.

**દેશપ્રત્યક્ષ અવધિજ્ઞાન** - ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તે અવધિજ્ઞાન છે. તેના બે ભેદ છે ૧) ભવપ્રત્યયિક અવધિજ્ઞાન અને ૨) ક્ષાયોપશમિક અવધિજ્ઞાન.

જે અવધિજ્ઞાનના પ્રગટીકરણમાં ભવનિમિત્ત બને છે, તે **ભવપ્રત્યયિક અવધિજ્ઞાન** છે. જેમ કે-નારકી અને દેવોને કોઈપણ પ્રકારના પુરુષાર્થ વિના ભવનિમિત્તક અવધિજ્ઞાન જન્મથી જ પ્રગટ થાય છે.

જે **અવધિજ્ઞાન**ના પ્રગટીકરણમાં તપ, સંયમ આદિ અનુષ્ઠાનોની આવશ્યકતા હોય, તે **ક્ષાયોપશમિક અવધિજ્ઞાન** છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો તથા સંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિયને તપ-સંયમની સાધનાથી જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેના છ પ્રકાર છે -

**(૧) અનુગામિક** - જેમ મનુષ્યના નેત્ર મનુષ્યની સાથે

રહે છે, બેટરીનો પ્રકાશ બેટરીની સાથે રહે છે, તેમ જે અવધિજ્ઞાન અવધિજ્ઞાનીની સાથે રહે છે, તે અનુગામિક અવધિજ્ઞાન છે. આ જ્ઞાન કોઈ ચોક્કસ ક્ષેત્રથી સંબંધિત નથી પરંતુ અવધિજ્ઞાની વ્યકિતથી સંબંધિત છે.

અનુગામિક અવધિજ્ઞાનના બે ભેદ છે – અંતગત અને મધ્યગત. અંતગત અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે – પુરતઃ અંતગત, માર્ગતઃ અંતગત અને પાર્શ્વતઃ અંતગત અવધિજ્ઞાન. (૧) જેમ બેટરીના પ્રકાશથી આગળનો માર્ગ પ્રકાશિત થાય છે, તેમ જે અવધિજ્ઞાનથી આગળના ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનો બોધ થાય, તે **પુરતઃ અંતગત અવધિજ્ઞાન** છે. (૨) જેમ બેટરી પાછળની બાજુ રાખીને ચાલે, તો તેનો પ્રકાશ પાછળના માર્ગને પ્રકાશિત કરે, તેમ જે અવધિજ્ઞાનથી પાછળના ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થો જણાય તે **માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન** છે. (૩) જે અવધિજ્ઞાનથી બન્ને બાજુના ક્ષેત્રના રૂપી પદાર્થો જણાય તે **પાર્શ્વતઃ અંતગત અવધિજ્ઞાન** છે. મસ્તક ઉપર ફાનસ રાખીને ચાલે, તો ચારેબાજુ પ્રકાશ ફેલાય, તેમ જે અવધિજ્ઞાનથી ચારેબાજુના રૂપી પદાર્થો જણાય, તે **મધ્યગત અવધિજ્ઞાન** છે. (૨) **અનાનુગામિક** – સ્ટ્રીટ લાઈટનો

પ્રકાશ ચોક્કસ ક્ષેત્રમાં જ રહે છે, તેનાથી બહાર જતો નથી, તેમ જે અવધિજ્ઞાન ચોક્કસ ક્ષેત્રમાં જ પદાર્થનો બોધ કરાવે છે. જ્ઞાતા અન્ય સ્થાને જાય, તો તેનું જ્ઞાન સાથે જતું નથી, તે અનાનુગામિક અવધિજ્ઞાન છે. (૩) **વર્ધમાન** – અગ્નિમાં કાષ્ઠ નાંખતા તે વૃદ્ધિ પામે છે, તેમ પરિણામોની વિશુદ્ધિથી જે જ્ઞાન ક્રમશઃ વધતું જાય, તે વર્ધમાન અવધિજ્ઞાન છે. (૪) **હીયમાન** – અપ્રશસ્ત અને સંકિલષ્ટ પરિણામોથી અવધિજ્ઞાનનું ક્ષેત્ર અને કાલની મર્યાદા ક્રમશઃ ઘટતી જાય, તે હીયમાન અવધિજ્ઞાન છે. (૫) **પ્રતિપાતિ** – આચાર-વિચારની અશુદ્ધિનાં કારણે જે અવધિજ્ઞાન દીપક બુઝાવાની જેમ એક સાથે નાશ પામી જાય, તે પ્રતિપાતિ અવધિજ્ઞાન છે. (૬) **અપ્રતિપાતિ** – જે અવધિજ્ઞાનનો નાશ થતો નથી, તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન છે. અપ્રતિપાતિ અવધિજ્ઞાની અવશ્ય તે જ ભવમાં કેવળજ્ઞાન પામે છે.

**અવધિજ્ઞાનનું વિષય ક્ષેત્ર** – અવધિજ્ઞાનનું ક્ષેત્ર જઘન્ય સૂક્ષ્મ પનકના (નિગોદના) જીવને જન્મ ધારણ કર્યા પછી ત્રણ સમય વ્યતીત થાય, ત્યારે તે જીવની જેટલી અવગાહના થાય, તેટલું અર્થાત્ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્ર છે અને ઉત્કૃષ્ટ અસત્ કલ્પનાથી

સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત, આ ચારે પ્રકારના અગ્નિકાયના ઉત્કૃષ્ટ જીવોને તેની અવગાહના પ્રમાણે આકાશ પ્રદેશો પર પંકિતબદ્ધ ગોઠવવામાં આવે, તો તે જીવોથી જેટલું ક્ષેત્ર ભરાય, તેટલું ક્ષેત્ર થાય છે. તેમાં સંપૂર્ણ લોક અને અલોકમાં પણ લોક જેવડા અસંખ્યાત ખંડો વ્યાપ્ત થાય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ ક્ષેત્રની વચ્ચેનું ક્ષેત્ર મધ્યમ અવધિજ્ઞાનનું ક્ષેત્ર કહેવાય છે, તેના અનેક ભેદ થાય છે.

અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર તથા કાલ પરસ્પર સંબંધિત છે. જેમકે-અંગુલના અસંખ્યાતમા ભાગના રૂપી પદાર્થોને જાણનાર અવધિજ્ઞાની કાલથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ભૂત-ભવિષ્યકાલમાં રહેલા રૂપી પદાર્થને જાણે છે. જે અવધિજ્ઞાની ક્ષેત્રથી એક હાથ પ્રમાણ ક્ષેત્રના રૂપી પદાર્થને જાણે છે, તે કાલથી કંઈક ન્યૂન એક મુહૂર્ત પ્રમાણ ભૂત-ભવિષ્યકાલમાં રહેલા રૂપી પદાર્થને જાણે છે. આ રીતે જેમ-જેમ અવધિજ્ઞાનીનું વિષયક્ષેત્ર વધે, તેમ તેની કાલમર્યાદા પણ વધતી જાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી એમ ચાર પ્રકારે અવધિજ્ઞાનનો વિષય જાણી શકાય છે.

**દ્રવ્યથી** - અવધિજ્ઞાની જઘન્ય અનંત રૂપી દ્રવ્યોને

જાણે–દેખે છે અને ઉત્કૃષ્ટ સર્વ રૂપી દ્રવ્યોને જાણે–દેખે છે. **ક્ષેત્રથી**–જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોક તથા અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાત ખંડમાં રહેલા રૂપી પદાર્થને જાણે–દેખે છે. **કાલથી**–જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ભૂત–ભવિષ્યકાલીન અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીકાલને જાણે–દેખે છે. **ભાવથી**–જઘન્ય, ઉત્કૃષ્ટ પદાર્થના અનંત ભાવોને જાણે–દેખે છે, પરંતુ પદાર્થના સર્વ ભાવોના અનંતમા ભાગને જ જાણી–દેખી શકે છે. **મનઃપર્યવજ્ઞાન** – ઈન્દ્રિય અને મનની સહાયતા વિના અઢીદ્વીપક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનની પર્યાયોને જાણે તે મનઃપર્યવજ્ઞાન છે. ચાર ગતિના જીવોમાંથી એક મનુષ્યગતિના જીવોને મનઃપર્યજ્ઞાન થાય છે. મનુષ્યગતિમાં પણ સર્વ મનુષ્યોને મનઃપર્યવજ્ઞાન થતું નથી. ઋદ્ધિપ્રાપ્ત, અપ્રમત્ત સંયમી, સમ્યગ્દષ્ટિ, પર્યાપ્ત, સંખ્યાતવર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને જ મનઃપર્યવજ્ઞાન થાય છે. અન્ય મનુષ્યોને થતું નથી. મનઃપર્યવજ્ઞાનના બે ભેદ છે – **ઋજુમતિ, વિપુલમતિ.** પોતાના વિષયને સામાન્ય રૂપે જાણે, તે ઋજુમતિ અને પોતાના વિષયને વિશેષ રૂપે જાણે, તે વિપુલમતિ

મનઃપર્યવજ્ઞાન છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ ચાર પ્રકારે તેનું સ્વરૂપ જાણી શકાય છે. **દ્રવ્યથી** - મનઃપર્યવજ્ઞાની મનોવર્ગણાના અનંતપ્રદેશી સ્કંધથી નિર્મિત સંજ્ઞી જીવોના મનની પર્યાયોને અને તેના દ્વારા ચિંતનીય પદાર્થોને સ્પષ્ટ રૂપે જાણે-દેખે છે. **ક્ષેત્રથી** - અઢીદ્વીપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનની પર્યાયોને જાણે-દેખે છે. ઊર્ધ્વદિશામાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા વિમાનોમાં રહેલા દેવોના તથા ભદ્રશાલવનમાં રહેલા સંજ્ઞી જીવોના મનની પર્યાયોને તથા અધોદિશામાં સલીલાવતી અને પુષ્કલાવતી વિજયની અંતર્ગત ગામ-નગરોમાં રહેલા સંજ્ઞી જીવોના મનની પર્યાયોને જાણે-દેખે છે. **કાલથી**- ભૂત-ભવિષ્યકાલીન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળગત સંજ્ઞી જીવોની મનની પર્યાયોને જાણે-દેખે છે. **ભાવથી** - મનની અનંત પર્યાયોને જાણે-દેખે છે.

આ ચારે પ્રકારમાં ઋજુમતિથી વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન વિશેષપણે, સૂક્ષ્મતાથી જાણે છે. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન પ્રતિપાતિ પણ હોય છે. તે જીવ પતિત થયા પછી અનંત સંસારમાં પરિભ્રમણ પણ કરે છે.

વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન અપ્રતિપાતિ હોય છે, તે જીવ આરાધકપણે મૃત્યુ પામે છે અને વૈમાનિકદેવગતિમાં જાય છે અથવા સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં જાય છે.

## અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં અંતર

**અવધિજ્ઞાન :** ૧. અલ્પ વિશુદ્ધ છે. ૨. વિષયક્ષેત્ર સંપૂર્ણ લોક છે. ૩. ચારે ગતિના જીવોને થાય છે. ૪. સમસ્ત રૂપી દ્રવ્યોને જાણે-દેખે છે. ૫. મિથ્યાત્વના ઉદયે વિભંગજ્ઞાનરૂપે પરિણત થાય છે. ૬. આગામી ભવમાં સાથે જાય છે.

**મનઃપર્યવજ્ઞાન :** ૧. વિશેષ વિશુદ્ધ છે. ૨. વિષયક્ષેત્ર અઢીદ્વીપક્ષેત્ર છે. ૩. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને થાય. ૪. મનની પર્યાયોને જ જાણે છે. ૫. તેનું વિપક્ષી અજ્ઞાન નથી. ૬. આ ભવ સુધી જ રહે છે.

**કેવળજ્ઞાન :** ચાર ઘાતિ કર્મોના ક્ષયથી ત્રણે લોકના ત્રણે કાલના સર્વ દ્રવ્યોની સર્વ પર્યાયોને એક સમય માત્રમાં જાણે, તે કેવળજ્ઞાન છે. તે પૂર્ણ અને અખંડ જ્ઞાન છે. તેના બે ભેદ છે– **ભવસ્થકેવળજ્ઞાન, સિદ્ધસ્થકેવળજ્ઞાન.** (૧) તેરમા, ચૌદમા ગુણસ્થાનવર્તી કેવળી ભગવાનનું જ્ઞાન **ભવસ્થકેવળજ્ઞાન** છે. તેના સયોગી અને અયોગી રૂપ બે ભેદ છે. તે પ્રત્યેકના પ્રથમ સમય સયોગી

ભવસ્થ કેવળજ્ઞાન અને અપ્રથમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન તથા ચરમ સમય અને અચરમ સમય રૂપ બે-બે ભેદ થાય છે. (૨) સિદ્ધ ભગવાનનું કેવળજ્ઞાન **સિદ્ધસ્થકેવળજ્ઞાન** છે. તેના બે ભેદ છે. અનંતરસિદ્ધ કેવળજ્ઞાન અને પરંપરસિદ્ધ કેવળજ્ઞાન. જે સિદ્ધાવસ્થાના પ્રથમ સમયમાં જ વર્તી રહ્યા હોય, તેમનું જ્ઞાન અનંતરસિદ્ધ કેવળજ્ઞાન છે અને જે સિદ્ધાવસ્થાના બીજા, ત્રીજા આદિ સમયમાં વર્તી રહ્યા હોય, તેમનું જ્ઞાન પરંપરસિદ્ધ કેવળજ્ઞાન છે.

**અનંતરસિદ્ધ કેવળજ્ઞાનના પંદર ભેદ** - પૂર્વપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ સિદ્ધ ભગવાનના પંદર ભેદ થાય છે, તેની અપેક્ષાએ અનંતર સિદ્ધસ્થકેવળજ્ઞાનના પણ પંદર ભેદ થાય છે.

**કેવળજ્ઞાનનો વિષય** - કેવળજ્ઞાની **દ્રવ્યથી** સર્વ દ્રવ્યોને, **ક્ષેત્રથી**-લોકાલોકના સર્વ ક્ષેત્રને, **કાલથી**-ભૂત, વર્તમાન, ભવિષ્ય, ત્રણે કાલને, **ભાવથી**-સર્વ દ્રવ્યોના સર્વ ભાવો-સર્વ પર્યાયોને જાણે-દેખે છે.

કેવળજ્ઞાની સર્વ ભાવોને જાણે-દેખે છે, પરંતુ તેમાંથી પ્રતિપાદ્ય-વર્ણન કરવા યોગ્ય ભાવોનું જ કથન કરી શકે છે. કેવળી ભગવાનના વચન શ્રોતાઓના

શ્રુતજ્ઞાનનું નિમિત્ત બને છે. પ્રભુના વચનો દ્રવ્યશ્રુત છે અને તેનાથી શ્રોતાઓને જે જ્ઞાન થાય તે ભાવશ્રુત છે.

**મતિ–આભિનિબોધિક જ્ઞાન :** અભિ–સન્મુખ રહેલા પદાર્થોનો, નિ–નિશ્ચયકારક, બોધ. મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઈન્દ્રિય અને મનની સહાયતાથી સન્મુખ રહેલા પદાર્થોનો ચોક્કસ બોધ થાય, તે આભિનિબોધિક અથવા મતિજ્ઞાન છે. તેના બે ભેદ છે – અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન અને શ્રુતનિશ્રિતમતિજ્ઞાન.

**અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન** – જે જ્ઞાન શ્રુતથી સંબંધિત નથી, તથાવિધ ક્ષયોપશમથી જ જે જ્ઞાન થાય, તે અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન છે. તેના ચાર ભેદ છે. – **ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકા અને પારિણામિકી બુદ્ધિ.**

**ઔત્પાતિકી બુદ્ધિ** – શાસ્ત્ર અભ્યાસ વિના પૂર્વે ન જોયેલા, ન સાંભળેલા, ન વિચારેલા વિષયમાં સહસા જે બુદ્ધિ ઉત્પન્ન થાય, સુંદર યુકિત સૂઝે, તેનાથી પ્રશ્નકર્તાને સંતોષ થાય, તે ઔત્પાતિકી બુદ્ધિ છે, જેમ કે અભયકુમારની બુદ્ધિ. આ બુદ્ધિનો જનસમાજ પર પ્રભાવ પડે છે. રાજયમાં સન્માન મળે છે, તે વ્યકિત બુદ્ધિમાનોમાં પૂજનીય બની જાય છે. **વૈનયિકી બુદ્ધિ** –

માતા-પિતા, ગુરુ, આચાર્ય આદિની વિનય-ભકિત કરવાથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય, તે વૈનયિકી બુદ્ધિ છે. **કાર્મિકા બુદ્ધિ** - શિલ્પ, હુન્નર, કલા, નિરંતર અભ્યાસ અને વિવિધ પ્રકારના કાર્યો કરવાથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય, તે કાર્મિકાબુદ્ધિ છે. **પારિણામિકી બુદ્ધિ** - ચિરકાળ સુધી પૂર્વાપર પર્યાલોચનથી, પરિપકવ ઉંમરના અનુભવથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય, તે પારિણામિકીબુદ્ધિ છે. **શ્રુતનિશ્રિત મતિજ્ઞાન** - શ્રુતજ્ઞાનના પૂર્વકાલના સંસ્કારના નિમિત્તથી જે જ્ઞાન ઉત્પન્ન થાય, તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે. તેના ચાર ભેદ છે - અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા

**અવગ્રહ** - જે જ્ઞાન નામ, જાતિ, વિશેષ્ય-વિશેષણ આદિ વિશેષતાથી રહિત હોય, માત્ર સામાન્યને જાણે, તેને અવગ્રહ કહે છે. તેના બે ભેદ છે-વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

**વ્યંજનાવગ્રહ** : ઈંદ્રિય અને વિષયોના સંયોગને વ્યંજનાવગ્રહ કહે છે. અસંખ્યાત સમય સુધી ઈંદ્રિય અને શબ્દાદિ વિષયનો સંયોગ બન્યો રહે ત્યારપછી અર્થાવગ્રહ થાય છે. વ્યંજનાવગ્રહમાં જ્ઞાતાને વિષયનું જ્ઞાન થતું નથી, તેમાં અત્યંત અવ્યક્ત જ્ઞાન હોય છે.

આ વિષયને મલ્લકના દૃષ્ટાંત સમજી શકાય છે. જેમ કોઈ વ્યક્તિ કુંભારના નિંભાડામાંથી એક કોરું મલ્લક–શકોરું લઈ આવે અને તેના પર પાણીનું એક ટીપું નાંખે, તો તે ટીપું તેમાં શોષાઈ જાય છે, પાણીનું ટીપું તેમાં દેખાતું નથી. તે રીતે બે, ત્રણ, ચાર, પાંચ, દશ, પંદર ટીપાં નિરંતર નાંખે તો પણ તે ટીપા શોષાતા જાય છે. પાણીનાં આ ટીપા શકોરાને ભીનું કરે છે અને ત્યાર પછી નાંખેલા ટીપાઓ શકોરામાં ભેગા થાય છે.

તે જ રીતે અસંખ્યાત સમય પછી વ્યંજન–ઈન્દ્રિય પણ તેના વિષયરૂપ પુદ્‌ગલોથી ભરાઈ જાય છે. ઈન્દ્રિયોનું વિષય રૂપ પુદ્‌ગલોથી ભરાઈ જવું, તે વ્યંજનાવગ્રહ છે અને ત્યાર પછી જે અસ્પષ્ટ બોધ થાય, તે અર્થાવગ્રહ છે.

વ્યંજનાવગ્રહથી જ્ઞાન થતું નથી પરંતુ તે અર્થાવગ્રહના બોધનું નિમિત્ત હોવાથી વ્યંજનાવગ્રહને પણ જ્ઞાન કહ્યું છે. **વ્યંજનાવગ્રહના ચાર ભેદ છે** – શ્રોતેન્દ્રિયવ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહ, રસેન્દ્રિય વ્યંજનાવગ્રહ અને સ્પર્શેન્દ્રિયવ્યંજનાવગ્રહ. આ ચાર પ્રાપ્યકારી ઈન્દ્રિયોનો વિષય સાથે સંયોગ થાય ત્યાર પછી બોધ થાય છે. શબ્દના પુદ્‌ગલો કાનમાં પ્રવેશ કરે,

ત્યાર પછી તેનો બોધ થાય છે.

ચક્ષુરિન્દ્રિય તથા નોઈંદ્રિય (મન) અપ્રાપ્યકારી છે. રૂપનો અને આંખનો સંયોગ થતો નથી, મન અને વિચારનો સંયોગ થતો નથી. રૂપનો આંખ સાથે સંયોગ થયા વિના જ અર્થાત્ દૂર રહેલા પદાર્થોને આંખ જુએ છે, તેથી તેનો વ્યંજનાવગ્રહ થતો નથી.

**અર્થાવગ્રહ :** વ્યંજનાવગ્રહ થયા પછી અસ્પષ્ટ જ્ઞાન થાય અર્થાત્ મને કાંઈક સંભળાયું, મને કાંઈક દેખાયું, તેવું સ્પષ્ટતા વિનાનું, અસ્પષ્ટ જ્ઞાન થાય, તે અર્થાવગ્રહ છે. તેની કાલ મર્યાદા એક સમયની જ છે.

**અર્થાવગ્રહના છ ભેદ છે** – શ્રોતેન્દ્રિયઅર્થાવગ્રહ, ચક્ષુન્દ્રિયઅર્થાવગ્રહ, ઘાણેન્દ્રિયઅર્થાવગ્રહ, રસેન્દ્રિય અર્થાવગ્રહ, સ્પર્શેન્દ્રિયઅર્થાવગ્રહ અને નોઈન્દ્રિય અર્થાવગ્રહ. કાન દ્વારા શબ્દના પુદ્ગલોને ગ્રહણ થયા પછી અત્યંત સામાન્ય બોધ થાય છે, તે શ્રોતેન્દ્રિય અર્થાવગ્રહ છે. આ રીતે પાંચ ઈન્દ્રિય અને મન દ્વારા વિષયનું ગ્રહણ થયા પછી સામાન્ય બોધ થાય, તેની અપેક્ષાએ અર્થાવગ્રહના છ ભેદ થાય છે. મન પદાર્થના ચિંતન–મનની અભિમુખ થાય, ત્યારે 'મને કાંઈક વિચાર આવ્યો', તેવું અસ્પષ્ટ જ્ઞાન થાય, તે નોઈન્દ્રિય

અર્થાવગ્રહ છે.

**ઈહા** – અવગ્રહ દ્વારા જાણેલા પદાર્થને વિશેષ જાણવાની જિજ્ઞાસા અને શંકાદિ થયા પછી અર્થની પર્યાલોચનારૂપ ચેષ્ટા થયા પછી નિશ્ચિય તરફ ઢળતા જ્ઞાનને ઈહા કહે છે. તેની કાલ મર્યાદા અંતર્મુહૂર્તની છે. પાંચ ઈન્દ્રિય અને મન, આ છએ દ્વારા ઈહા થાય છે, તેથી અર્થાવગ્રહની જેમ ઈહાના પણ છ ભેદ થાય છે.

**અવાય** – ઈહા દ્વારા જાણેલા પદાર્થનો ચોક્કસ નિર્ણય થાય, તે અવાય છે. તેની કાલમર્યાદા અંતર્મુહૂર્તની છે. તેના પણ અવગ્રહની જેમ છ ભેદ છે. ઈંદ્રિય દ્વારા ગ્રહણ થયેલ વિષય કયો છે, કેવો છે તેનો નિશ્ચિય થઈ જાય તેને અવાય કહે છે.

**ધારણા** – નિર્ણય કરેલા અર્થને તે જ રૂપે ધારણ કરવો, તે ધારણા છે. અવાયજ્ઞાન જયારે અત્યંત દઢતમ થઈ જાય, ત્યારે તે ધારણા છે. કોઈ પણ બોધ થોડા સમય સુધી સ્થિર રહે છે પછી વિષયાંતરમાં ઉપયોગ ચાલ્યો જવાથી તે લુપ્ત થઈ જાય છે, પરંતુ તેના સંસ્કાર ભવિષ્યમાં કોઈ નિમિત્ત મળતાં જાગૃત થાય અને તે વિષયનું પુનઃસ્મરણ થાય, તે પણ ધારણા છે. ધારણા મતિજ્ઞાનના ત્રણ ભેદ છે. (૧) અવિચ્યુતિ – અવાય

મતિજ્ઞાનથી થયેલો બોધ ચ્યુત ન થાય, તે અવિચ્યુતિ છે. તેનો કાલ અંતર્મુહૂર્તનો છે. (૨) વાસના – અવિચ્યુતિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને વાસના કહે છે. કોઈ પણ વિષયના સંસ્કાર સંખ્યાત કે અસંખ્યાતકાલ સુધી રહે છે. (૩) સ્મૃતિ – કાલાંતરમાં કોઈ પદાર્થને જોવાથી અથવા અન્ય કોઈ પણ નિમિત્તથી પૂર્વના સંસ્કાર જાગૃત થાય અને તે પદાર્થનું સ્મરણ થાય, તે સ્મૃતિ છે. ધારણા મતિજ્ઞાનના પણ શ્રોતેન્દ્રિયધારણાદિ છ ભેદ છે.

આ રીતે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન, આ ચાર પ્રકારના ક્રમથી જ થાય છે. કોઈ પણ વિષયમાં સર્વ પ્રથમ અવગ્રહ રૂપ બોધ થાય, ત્યાર પછી ઈહા થાય, ત્યાર પછી અવાય અને અવાય પછી ધારણા થાય છે. કયારેક અત્યંત પરિચિત વસ્તુમાં તુરંત નિર્ણય થતો હોય, તેમ પ્રતીત થાય છે પરંતુ વાસ્તવમાં અવગ્રહ, ઈહા થયા પછી જ નિર્ણય થાય છે.

પ્રતિબોધક (ઉઠાડનાર)ના દષ્ટાંતથી આ વિષયને સ્પષ્ટ કરવામાં આવે છે, યથા ગાઢ નિદ્રામાં સૂતેલી વ્યકિતને ઉઠાડવા માટે કોઈ બૂમ પાડે કે હે દેવદત્ત ! હે દેવદત્ત ! ત્યારે તે શબ્દો (ભાષાવર્ગણાના પુદ્ગલો) તે

વ્યકિતના કાનમાં પ્રવેશ કરે છે. આ એક, બે, ત્રણ યાવત્ સંખ્યાત સમયના શબ્દના પુદ્ગલોને તે ગ્રહણ કરી શકતો નથી, કાન તે પુદ્ગલોથી ભરાઈ જાય તેવા અસંખ્યાત સમય સુધીના શબ્દના પુદ્ગલો તેના કાનમાં પ્રવેશ કરે છે, તે શ્રોતેન્દ્રિય વ્યંજનાવગ્રહ છે. ત્યાર પછી તે વ્યકિતને કંઈક અવાજ આવે છે, તેવું જ્ઞાન થાય છે, તે શ્રોતેન્દ્રિય અર્થાવગ્રહ છે. અર્થાવગ્રહમાં તેને આ અવાજ કોનો છે ? કોણ, શા માટે બોલાવે છે ? વગેરે કોઈ પણ વિકલ્પ થતા નથી. ત્યાર પછી તે વિચારણા કરે કે આ અવાજ કોનો છે ? કોઈ વ્યક્તિનો છે કે વાજિંત્રનો છે ? વગેરે અનેક વિકલ્પોથી વિચારણા કરતાં–કરતાં જ્ઞાન નિશ્ચય તરફ ઢળે છે કે કદાચ મારા ભાઈનો અવાજ હોવો જોઈએ. આ પ્રકારની વિચારણા થાય, તે શ્રોતેન્દ્રિય ઈહા છે. ત્યાર પછી પૂર્વાપરના સંબંધપૂર્વક તે ચોક્કસ નિર્ણય કરે કે આ અવાજ મારા ભાઈનો જ છે, કારણ કે રાત્રે મેં તેને ઉઠાડવાનું કહ્યું હતું, તેથી તે મને ઊઠાડી રહ્યો છે, તેવો ચોક્કસ નિર્ણય થાય, તે શ્રોતેન્દ્રિય અવાય છે અને આ ચોક્કસ નિર્ણયને દીર્ઘકાલ સુધી ધારણ કરવો, તેને સ્મૃતિમાં રાખવો તે શ્રોતેન્દ્રિય ધારણા છે.

આ રીતે પાંચ ઈન્દ્રિય અને મન દ્વારા અવગ્રહાદિ ચારે પ્રકારનો બોધ થાય છે, તેથી મતિજ્ઞાનના ૬×૪= ૨૪+૪ વ્યંજનાવગ્રહના = ૨૮ ભેદ થાય છે.

વિષય ગ્રહણ કરવાની વિવિધતા તથા ક્ષયોપશમની તરતમતાના આધારે તે ૨૮ ભેદના બાર–બાર ભેદ થાય છે, યથા – (૧) **બહુ**– વસ્તુની અનેક પર્યાયો એક સાથે જાણે. (૨) **અલ્પ**– કોઈ એક જ વિષય અથવા એક જ પર્યાયને જાણે. (૩) **બહુવિધ**– એક વસ્તુને અનેક પ્રકારે જાણે. વસ્તુનો આકાર, પ્રકાર, રૂપ, રંગ આદિ વિવિધ પ્રકારે જાણે. (૪) **અલ્પવિધ** – વસ્તુને વિવિધ પ્રકારે ન જાણે. વસ્તુનો આકાર જ જાણે. વસ્તુની અન્ય વિશેષતાને ન જાણે. (૫) **ક્ષિપ્ર**– ક્ષયોપશમની તીવ્રતાથી વસ્તુને તુરંત જાણી લે. (૬) **અક્ષિપ્ર** – ક્ષયોપશમની મંદતાથી વસ્તુને તુરંત ન જાણે. (૭) **નિશ્રિત** – અન્ય નિમિત્તથી કે લિંગથી વસ્તુને જાણે. દૂરથી ધ્વજા જોઈને મંદિરને જાણી લે. (૮) **અનિશ્રિત** – કોઈ નિમિત્ત કે લિંગને જોયા વિના વસ્તુને જાણી લે. (૯) **સંદિગ્ધ** – વસ્તુને સંદિગ્ધ રૂપે જાણે. (૧૦) **અસંદિગ્ધ** – નિશ્ચયાત્મક રૂપે જાણે.

(૧૧) **ધ્રુવ** – જે જાણે, તે જ બોધમાં દઢત્તમ રહે.
(૧૨) **અધ્રુવ** – પ્રાપ્ત થયેલો બોધ પલટાતો રહે, તે અધ્રુવ.

જે વ્યકિતને ક્ષયોપશમની તીવ્રતા હોય, કાન સતેજ હોય, તે એકદમ ધીરા અવાજને પણ સ્પષ્ટ રીતે તુરંત સાંભળી લે છે, કોઈકને સાંભળતા અને સમજતા વાર લાગે છે. આ રીતે ઈન્દ્રિયની તીક્ષ્ણતા – અતીક્ષ્ણતા અને ક્ષયોપશમની તીવ્રતા–મંદતાના આધારે મતિજ્ઞાનના ઉપરોકત બાર ભેદ થાય છે, તેથી ૨૮×૧૨ = ૩૩૬ ભેદ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના થાય છે. તેમાં અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર બુદ્ધિ રૂપ ચાર ભેદ ઉમેરતાં ૩૩૬ + ૪ = ૩૪૦ ભેદ મતિજ્ઞાનના થાય છે.
**મતિજ્ઞાનનો વિષય** – **દ્રવ્યથી** – મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ દ્રવ્યોને જાણે પણ દેખે નહીં. **ક્ષેત્રથી** – સામાન્ય રૂપે સર્વ ક્ષેત્રને જાણે પણ દેખે નહીં. **કાલથી** – સામાન્ય રૂપે ત્રણે કાળને જાણે પણ દેખે નહીં. **ભાવથી** – સામાન્ય રૂપે સર્વ ભાવોને જાણે પણ દેખે નહીં.

પાંચે ઈન્દ્રિયો દ્વારા મતિજ્ઞાન થાય છે પરંતુ પાંચે ઈન્દ્રિયની વિષય ગ્રહણ કરવાની શકિત ભિન્ન–ભિન્ન છે. શ્રોતેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દોને જ સાંભળે છે.

ચક્ષુરિન્દ્રિય અસ્પૃષ્ટ રૂપને જુએ છે. આંખ રૂપનો સ્પર્શ કર્યા વિના દૂરથી જ રૂપને જુએ છે, ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે. ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય બદ્ધ-સ્પૃષ્ટ ગંધ, રસ અને સ્પર્શને જાણે છે. નાક સાથે ગંધના, જીભ સાથે સ્વાદના અને ત્વચા સાથે સ્પર્શ યોગ્ય પુદ્‌ગલોનો ગાઢ સંયોગ થાય, ત્યાર પછી જ તે વિષયને ગ્રહણ કરી શકે છે.

સમ્યક્ કે મિથ્યાત્વી વિવક્ષા વિના સામાન્યરૂપે બોધ થાય, તે મતિ છે પરંતુ તે સમ્યક્ અને મિથ્યાની વિવક્ષાથી સમ્યગદ્દષ્ટિનો બોધ મતિજ્ઞાન અને મિથ્યાત્વી જીવોનો બોધ મતિઅજ્ઞાન કહેવાય છે.

**શ્રુતજ્ઞાન :** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને અવિનાભાવ સંબંધ છે. જયાં મતિજ્ઞાન છે, ત્યાં શ્રુતજ્ઞાન અવશ્ય હોય છે અને શ્રુતજ્ઞાન હોય, ત્યાં મતિજ્ઞાન હોય જ છે. કોઈ પણ છદ્મસ્થ જીવને ઓછામાં ઓછા બે જ્ઞાન અર્થાત્ સમકિતી જીવોની અપેક્ષાએ મતિ-શ્રુત, આ બે જ્ઞાન અને મિથ્યાત્વી જીવોની અપેક્ષાએ મતિ-શ્રુત, આ બે અજ્ઞાન અવશ્ય હોય છે.

મતિજ્ઞાન દ્વારા જાણેલા અર્થનો વિશેષ બોધ થવો, તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન પણ પાંચ ઈન્દ્રિય અને

મનથી થાય છે.

શ્રુતજ્ઞાન મતિજ્ઞાનની જેમ પરોક્ષજ્ઞાન છે. શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે અથવા શ્રુતજ્ઞાનમાં મતિજ્ઞાનનો સહકાર અવશ્ય હોય છે. મતિજ્ઞાન કારણ છે અને શ્રુતજ્ઞાન તેનું કાર્ય છે. શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ છે (૧) **અક્ષર શ્રુત** – તેના ત્રણ ભેદ છે. (૧) લિખિત– ક, ખ, ગ, આદિ અક્ષરો સંજ્ઞાક્ષર છે. (૨) ક, ખ, ગ આદિ અક્ષરોનું ઉચ્ચારણ થાય, તે વ્યંજનાક્ષર છે. (૩) અક્ષરના સમુદાય રૂપ શબ્દને સાંભળીને તેના અર્થની વિચારણાથી પદાર્થનો બોધ થાય, તે લબ્ધ્યક્ષર છે. સંજ્ઞાઅક્ષર અને વ્યંજનાક્ષર દ્રવ્યશ્રુત છે અને તેના દ્વારા થતા બોધ લબ્ધ્યક્ષર ભાવશ્રુત છે.

જેમ ગર્જનાના અવાજથી, ભસવાના અવાજથી તે પશુને ઓળખી લેવા, તે શ્રોતેન્દ્રિય લબ્ધ્યક્ષર ભાવશ્રુત છે. ભસવાનો કે ગર્જનાનો અવાજ માત્ર સંજ્ઞાઅક્ષર અને વ્યંજનાક્ષર છે અને તેનાથી જે બોધ થાય તે લબ્ધિ અક્ષર છે. આ રીતે પાંચે ઈન્દ્રિય અને મન દ્વારા બોધ થાય છે. (૨) **અનક્ષર શ્રુત** – જે શબ્દ ક, ખ, ગ આદિ વર્ણાત્મક ન હોય, કેવળ ધ્વનિરૂપ હોય, તે અનક્ષર શ્રુત છે. જેમ કોઈ વ્યકિત પોતાની

વિશેષ વાત સમજાવવા માટે ઉધરસ ખાય, છીંક ખાય, ઉંહકારા કરે વગેરે કોઈ પણ અવાજ કરે, તે અનક્ષરશ્રુત છે અથવા સંકેતાત્મક ચેષ્ટા કે ઈશારાથી પોતાની વાત સમજાવે, તે અનક્ષર શ્રુત છે. (૩) **સંજ્ઞીશ્રુત** – સંજ્ઞી જીવોના જ્ઞાનને સંજ્ઞીશ્રુત કહે છે. સંજ્ઞાના ત્રણ પ્રકાર છે – (૧) **દીર્ઘકાલિકી સંજ્ઞા** – પૂર્વાપરના સંબંધપૂર્વક ભૂત, ભવિષ્યનો વિચાર કરવામાં આવે, તે **દીર્ઘકાલિકી સંજ્ઞા** છે. આ પ્રકારની સંજ્ઞા સંજ્ઞી જીવોમાં હોય છે. (૨) **હેતુપદેશિકી સંજ્ઞા** – હિતાહિતની, યોગ્ય–અયોગ્યની વિચારણાપૂર્વકની ચેષ્ટા, તે હેતુપદેશિકી સંજ્ઞા છે. આ સંજ્ઞા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય, આ ચારે પ્રકારના ત્રસ જીવોમાં હોય છે. જેમ કીડી સાકરની ગંધ પારખીને તે તરફ ગતિ કરે છે, મચ્છર દિવસે ક્યાંક ભરાઈ રહે છે રાત્રે બહાર નીકળે છે, આ રીતે વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમાં આ સંજ્ઞા હોય છે. (૩) **દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા** – સમ્યગ્દૃષ્ટિની વિચારણા તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે. આ સંજ્ઞા સમકિત જીવોમાં જ હોય છે. મિથ્યાત્વી જીવો આ સંજ્ઞાની અપેક્ષાએ અસંજ્ઞી છે. આ ત્રણ પ્રકારની સંજ્ઞા જે જીવોમાં હોય, તે જીવ તે તે સંજ્ઞાની અપેક્ષાએ

સંજ્ઞી છે અને તેના શ્રુતજ્ઞાનને સંજ્ઞીશ્રુત કહે છે. (૪) **અસંજ્ઞી શ્રુત** – મન રહિતના અસંજ્ઞી જીવોના શ્રુત જ્ઞાનને અસંજ્ઞીશ્રુત કહે છે. (૫) **સમ્યક્ શ્રુત** – સમ્યગ્દષ્ટિ સંપન્ન જીવોના શ્રુતજ્ઞાનને સમ્યક્શ્રુત કહે છે અથવા તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત દ્વાદશાંગી ગણિપિટક સમ્યક્શ્રુત છે. (૬) **મિથ્યા શ્રુત** – મિથ્યાત્વી જીવોના શ્રુતજ્ઞાનને મિથ્યાશ્રુત કહે છે અથવા મિથ્યાત્વી જીવો દ્વારા પ્રતિપાદિત હોય, તે મિથ્યાશ્રુત છે. મિથ્યાશ્રુત સમ્યગ્દષ્ટિ જીવો સમ્યક્ પ્રકારે ગ્રહણ કરે, તો તે સમ્યક્શ્રુત છે. સમકિતી જીવોની સમ્યગ્દષ્ટિના પ્રભાવે મિથ્યાશ્રુત પણ તેને સમ્યગ્ રૂપે પરિણમન પામે છે અને અરિહંતો દ્વારા પ્રતિપાદિત સમ્યક્શ્રુત પણ મિથ્યાત્વી જીવોને મિથ્યા રૂપે પરિણત થવાથી મિથ્યાશ્રુત છે. (૭ થી ૧૦) **સાદિ, સાંત, અનાદિ, અનંત શ્રુત** – **દ્રવ્યથી** એક પુરુષની અપેક્ષાએ સમ્યક્શ્રુત સાદિ સાંત અને ઘણા પુરુષોની અપેક્ષાએ અનાદિ અનંત છે. **ક્ષેત્રથી** સમ્યક્શ્રુત ભરત અને ઐરવતક્ષેત્રની અપેક્ષાએ સાદિ સાંત છે. આ બંને ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર શ્રુતની આદિ કરે છે. યુગલિકકાલ અને દુષમદુષમાકાલમાં ધર્મનો વિચ્છેદ થતાં શ્રુતજ્ઞાનનો અંત

થાય છે. મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ અનાદિ અનંત છે કારણ કે તે ક્ષેત્રમાં ધર્મનો વિચ્છેદ થતો નથી. **કાલથી** ઉત્સર્પિણી–અવસર્પિણી કાલની અપેક્ષાએ સમ્યક્શ્રુત સાદિ સાંત છે અને નોઉત્સર્પિણી નોઅવસર્પિણી કાલની અપેક્ષાએ અનાદિ અનંત છે. **ભાવથી** તીર્થંકરો જે સમયે જે ભાવનું કથન કરે છે, તેની અપેક્ષાએ શ્રુતજ્ઞાન સાદિ–સાંત છે અને શ્રુતજ્ઞાનને ધારણ કરનારાઓના ક્ષયોપશમભાવની અપેક્ષાએ અનાદિ અનંત છે. ભવી જીવોની અપેક્ષાએ શ્રુત સાદિ સાંત છે અને અભવી જીવોની અપેક્ષાએ મિથ્યાશ્રુત અનાદિ અનંત છે.

આત્મા સ્વયં જ્ઞાનમય છે પરંતુ જ્ઞાનાવરણીય કર્મના આવરણથી તે જ્ઞાનગુણ આવરિત થઈ જાય છે. જ્ઞાન ગુણ પર ગમે તેવું ગાઢતમ આવરણ આવે તેમ છતાં શ્રુતજ્ઞાનના અનંત પર્યાયનો અનંતમો ભાગ સદા ખુલ્લો રહે છે. જો તેના પર પણ આવરણ આવી જાય, તો જીવ અજીવ બની જાય છે, પરંતુ તે પ્રમાણે કદાપિ થતું નથી, કારણ કે જ્ઞાનગુણ, તે જીવનો સ્વભાવ છે. સ્વભાવનો નાશ કદાપિ થતો નથી.

**(૧૧–૧૨) ગમિક–અગિમક શ્રુત** – જે શ્રુતના આદિ, મધ્ય કે અંતમાં એક જ શબ્દનું કે સમાન પાઠનું વારંવાર

ઉચ્ચારણ થાય, તે ગમિકશ્રુત છે. જેમ કે અજયં ચરમાણો....અજયં ચિટ્ઠમાણો..આદિ ગાથાઓમાં એક શબ્દના ફરક સિવાય સમાન પાઠ છે. જે શ્રુતમાં સમાન પાઠ ન હોય, તે અગમિકશ્રુત છે. (૧૩) **અંગપ્રવિષ્ટ શ્રુત** – તીર્થંકરોના ઉપદેશાનુસાર ગણધરો જે ગ્રંથોની રચના કરે, તે દ્વાદશાંગી–બાર અંગ સૂત્રો અંગપ્રવિષ્ટ શ્રુત છે. (૧૪) **અંગબાહ્ય શ્રુત** – અંગ સૂત્રના આધારે સ્થવિર મુનિઓ જે શાસ્ત્રની રચના કરે, તે અંગબાહ્યશ્રુત છે. અંગબાહ્યશ્રુતના બે પ્રકાર છે – **આવશ્યક** અને **આવશ્યક વ્યતિરિકત.**

**આવશ્યક સૂત્રના છ અધ્યયન છે** – સામાયિક, ચૌવિસંથો, વંદના, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ.

આવશ્યક વ્યતિરિકત અર્થાત્ આવશ્યક સૂત્ર સિવાયના શાસ્ત્રોના બે પ્રકાર છે – ઉત્કાલિક શ્રુત અને કાલિક શ્રુત. જે શ્રુતનો સ્વાધ્યાય–ત્રિસંધ્યા વગેરે અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે કરી શકાય, તે ઉત્કાલિક શ્રુત છે. જેમ કે–દશવૈકાલિકસૂત્ર, ઔપપાતિક સૂત્ર, રાજપ્રશ્નીયસૂત્ર, જીવાભિગમસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર વગેરે અનેક

ઉત્કાલિક શ્રુત છે.

જે શ્રુતનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા અને ચોથા પ્રહરમાં થાય, તે કાલિકશ્રુત છે. આચારાંગસૂત્ર, સૂયગડાંગસૂત્ર વગેરે બાર અંગ સૂત્રો, ઉત્તરાધ્યયનસૂત્ર, ચાર છેદ સૂત્ર, નિરયાવલિકાદિપાંચ સૂત્ર, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર વગેરે અનેક કાલિક સૂત્રો છે.

## દ્વાદશાંગી પરિચય

**(૧) શ્રી આચારાંગ સૂત્ર** – તે બાર અંગ સૂત્રોમાં પ્રથમ અંગ સૂત્ર છે. તેમાં શ્રમણોની સંયમ વિશુદ્ધિ માટે જ્ઞાનાચાર આદિ પાંચ આચારનું નિરૂપણ છે.

આચારાંગ સૂત્રમાં બે શ્રુતસ્કંધ–વિભાગ છે. પ્રથમ વિભાગમાં નવ અધ્યયન છે. તેમાંથી સાતમું 'મહાપરિજ્ઞા' નામનું અધ્યયન કાલ દોષના કારણે વિચ્છેદ થયું છે. બીજા વિભાગમાં સોળ અધ્યયન બંને વિભાગના મળીને કુલ ૨૫ અધ્યયન છે. તેમાં ૧૮૦૦૦ પદ છે. એક એક પદમાં અનંતા ભાવ સમાયેલા છે.

**(૨) શ્રી સૂયગડાંગ સૂત્ર** – તે બીજું અંગસૂત્ર છે. તેમાં ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના ૬૭ અજ્ઞાનવાદીના અને ૩૨ વિનયવાદીના, કુલ ૩૬૩

પાખંડીના મતોનું નિરાકરણ કરીને સ્વમતની સ્થાપના કરેલી છે. તેના બે શ્રુતસ્કંધ-વિભાગ છે. પહેલા વિભાગમાં સોળ અને બીજા વિભાગમાં સાત, કુલ ત્રેવીસ અધ્યયન છે, તેના ૩૬૦૦૦ પદ છે.

(૩) **શ્રી ઠાણાંગ સૂત્ર** - તે ત્રીજું અંગસૂત્ર છે. તેમાં જીવાદિ તત્ત્વોનું એક, બે, ત્રણ આદિ દશ સુધીની સંખ્યાની ગણનામાં નિરૂપણ છે. તેમાં એક શ્રુતસ્કંધ-વિભાગ અને તેના દશ સ્થાન-અધ્યયન છે. તેમાં ૭૨૦૦૦ પદ છે.

(૪) **શ્રી સમવાયાંગ સૂત્ર** - તે ચોથું અંગસૂત્ર છે. તેમાં જીવ-અજીવાદિ તત્ત્વોનું, સ્વ-પરદર્શનનું, લોકાલોકના ભાવોનું સંખ્યાની ગણનામાં વર્ણન છે. તેમાં એકથી અસંખ્યાત સુધીના સ્થાનોનું કથન છે તથા દ્વાદશાંગી ગણિપિટકનો સંક્ષિપ્ત પરિચય છે. તેમાં એક શ્રુતસ્કંધ, એક અધ્યયન છે. તેનું પદ પરિમાણ ૧,૪૪,૦૦૦ છે.

(૫) **શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર** - તે પાંચમું અંગસૂત્ર છે, તે ભગવતીસૂત્ર નામે પ્રસિદ્ધ છે. તેમાં ગૌતમસ્વામી આદિ અનેક મુમુક્ષુ જીવો દ્વારા પૂછાયેલા ૩૬,૦૦૦

પ્રશ્નો અને ભગવાન મહાવીરસ્વામી આદિના ઉત્તરો છે. તેમાં સૈદ્ધાંતિક, ઐતિહાસિક, તાત્ત્વિક વિષયો તથા અનેક પ્રેરક કથાનકોનું વર્ણન છે. આ સૂત્રમાં એક શ્રુતસ્કંધ, ૪૧ શતક તથા સેંકડો ઉદ્દેશકો છે. તેનો વિષય ૨,૮૮,૦૦૦ પદ પ્રમાણ છે.

(૬) **શ્રી જ્ઞાતાસૂત્ર** – તે છઠ્ઠું અંગસૂત્ર છે. તે ધર્મકથા પ્રધાન છે. તેના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ઓગણીસ અધ્યયન છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મકથાઓના દશ વર્ગ છે. પ્રત્યેક વર્ગમાં અનેક અધ્યયન છે. તેની એક એક ધર્મકથામાં ૫૦૦-૫૦૦ આખ્યાનો, એક-એક આખ્યાનમાં ૫૦૦-૫૦૦ ઉપાખ્યાન, એક-એક ઉપાખ્યાનમાં ૫૦૦-૫૦૦ આખ્યાનોપાખ્યાન છે. આ રીતે સર્વ મળીને સાડા ત્રણ ક્રોડ કથાનકો છે તથા સંખ્યાત હજાર પદ છે.

(૭) **શ્રી ઉપાસકદશાંગસૂત્ર** – તે સાતમું અંગસૂત્ર છે. તેમાં ભગવાન મહાવીરના દશ વિશિષ્ટ શ્રાવકોના ચરિત્ર દ્વારા શ્રાવકધર્મનું વિસ્તૃત વર્ણન છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન અને સંખ્યાત હજાર પદો છે.

(૮) **શ્રી અંતકૃતદશાંગસૂત્ર** – તે આઠમું અંગસૂત્ર છે. તેમાં સંયમ-તપની આરાધના કરીને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, નિર્વાણ પ્રાપ્ત કરનારા ૯૦ સાધકોનું નિરૂપણ છે. આ સૂત્રમાં આઠ વર્ગ છે. પ્રથમ અને અંતિમ વર્ગમાં દશ-દશ અધ્યયન છે.

(૯) **શ્રી અનુત્તરોપપાતિકદશાસૂત્ર** – તે નવમું અંગસૂત્ર છે. તેમાં તપ-સંયમની આરાધના કરીને અનુત્તરવિમાનમાં જન્મ ધારણ કરનાર આત્માઓનું પ્રતિપાદન છે. તેના ત્રણ વર્ગ છે. પ્રથમ વર્ગમાં દશ, બીજા વર્ગમાં તેર અને ત્રીજા અધ્યયનમાં દશ, કુલ ત્રેવીસ અધ્યયન છે. તેમાં સંખ્યાત હજાર અક્ષરો છે.

(૧૦) **શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર** – તે દસમું અંગસૂત્ર છે. તે પ્રશ્નોત્તર પ્રધાન છે. તેમાં કોઈ પૂછે, તો શુભાશુભ ઉત્તર આપે તેવા ૧૦૮ પ્રશ્નો છે. ૧૦૮ પ્રશ્નો પૂછયા વિના જ શુભાશુભ ફળ કહે તેવા છે અને ૧૦૮ પ્રશ્નો પૂછવાથી અથવા પૂછ્યા વિના શુભશુભ ફળ કહે તેવા છે. તેમાં એક શ્રુતસ્કંધ, ૪૫ અધ્યયન અને સંખ્યાત હજાર અક્ષરો છે. વર્તમાને ઉપરોકત વિદ્યાયુકત અધ્યયનો ઉપલબ્ધ

નથી. વર્તમાને પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન કરતાં દશ અધ્યયન છે.

**(૧૧) શ્રી વિપાકસૂત્ર** – તે અગિયારમું અંગસૂત્ર છે. તેમાં શુભાશુભ કર્મોના ફળનું કથન છે. તેમાં બે શ્રુતસ્કંધ–વિભાગ છે. પ્રથમ વિભાગમાં અશુભ કર્મોના ફળ રૂપ દુ:ખવિપાકનું અને બીજા વિભાગમાં શુભ કર્મોના ફળરૂપ સુખવિપાકનું કથન છે. તેમાં સંખ્યાત હજાર પદો છે.

**(૧૨) શ્રી દષ્ટિવાદસૂત્ર** – તે બારમું અંગસૂત્ર છે. તેના પાંચ વિભાગ છે – (૧) પરિકર્મ, (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ અને (૫) ચૂલિકા.

શ્રી દષ્ટવાદસૂત્ર તીર્થંકરોની બે પાટ સુધી જ રહે છે ત્યારપછી તેનો વિચ્છેદ થાય છે, પરંતુ દષ્ટિવાદના વિભાગના અંશો ટકી રહે છે.

**(૧) પરિકર્મ** – જેના અધ્યયનથી દષ્ટિવાદના અધ્યયનની સંપૂર્ણ યોગ્યતા પ્રાપ્ત થઈ જાય, તે પરિકર્મ છે. તેના સાત પ્રકાર અને ઉત્તરભેદની અપેક્ષાએ ૮૩ પ્રકાર છે.

(૨) **સૂત્ર** – તેમાં સર્વ દ્રવ્ય, સર્વ પર્યાય, સર્વ નય અને સર્વ ભંગ–વિકલ્પો નિયમો આદિનું વિસ્તૃત વર્ણન છે. તેમાં છિન્નછેદનયની અપેક્ષાએ બાવીસ સૂત્ર સ્વદર્શનની વકતવ્યતાને જ આશ્રિત છે. બાવીસ સૂત્ર આજીવિક મતવાદી ગોશાલકના દર્શનની દષ્ટિએ અચ્છિન્નછેદ નયની અપેક્ષાએ છે, બાવીસ સૂત્ર ત્રિરાશિક સૂત્ર પરિપાટીથી ત્રણ નયનો સ્વીકાર કરે છે અને બાવીસ સૂત્ર સ્વસમય સિદ્ધાંતની દષ્ટિએ ચાર નયનો સ્વીકાર કરે છે. આ રીતે કુલ ૮૮ સૂત્રો છે.

(૩) **પૂર્વ** – પૂર્વના ચૌદ પ્રકાર છે. અંબાડી સહિત હાથી પ્રમાણ શ્યાહીથી જેટલું લેખન થાય, તેટલું એક પૂર્વનું જ્ઞાન છે; બીજા, ત્રીજા આદિ પૂર્વમાં ક્રમશઃ બમણું જ્ઞાન હોય છે, તેવું મનાય છે.

(૧) **ઉત્પાદપૂર્વ** – તેમાં જીવ, પુદ્ગલ અને કાલ દ્રવ્યના ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાનું વિશાળ દર્શન છે.

(૨) **અગ્રાયણીય પૂર્વ** – તેમાં ૭૦૦ સુનય, ૭૦૦ દુર્નય, પંચાસ્તિકાય, ષટ્દ્રવ્ય અને નવ તત્ત્વનું નિરૂપણ છે.

(૩) **વીર્યપ્રવાદ પૂર્વ** – આત્મવીર્ય, પરવીર્ય, બાલવીર્ય, પંડિતવીર્ય આદિ વીર્યનું વિસ્તૃત વર્ણન છે.

(૪) **અસ્તિ–નાસ્તિપ્રવાદપૂર્વ** – તેમાં જીવ–અજીવના અસ્તિત્વ–નાસ્તિત્વનું કથન છે.

(૫) **જ્ઞાનપ્રવાદપૂર્વ** – તેમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનું વિશદ વર્ણન છે.

(૬) **સત્યપ્રવાદપૂર્વ** – તેમાં વચનગુપ્તિ, વાકય સંસ્કારના કારણો, દશ પ્રકારની સત્યભાષા, દશ પ્રકારની અસત્ય અને દશ પ્રકારની મિશ્ર અને બાર પ્રકારની વ્યવહારભાષાનું પ્રતિપાદન છે.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ** – તેમાં આત્માનું સ્વરૂપ પ્રદર્શિત છે.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ** – તેમાં આઠ કર્મ અને તેની ૧૨૦ ઉત્તરપ્રકૃતિના બંધ, ઉદય, ઉદીરણાનું વર્ણન છે તથા ક્ષેત્રવિપાકી, જીવવિપાકી આદિ કર્મપ્રકૃતિઓનું સ્પષ્ટ વિભાજન છે.

(૯) **પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ** – તેમાં ગૃહસ્થધર્મ અને સાધુના પ્રત્યાખ્યાનનું સ્વરૂપદર્શન છે.

(૧૦) **વિદ્યાપ્રવાદ પૂર્વ** – તેમાં ૭૦૦ અલ્પવિદ્યા, ૫૦૦ મહાવિદ્યા તથા આઠ મહાનિમિત્ત શાસ્ત્રોનું કથન છે.

(૧૧) **અવંધ્ય પૂર્વ** – શુભાશુભ કર્મફળની ચોક્કસતાનું નિરૂપણ છે.

(૧૨) **પ્રાણાયુપૂર્વ** – તેમાં પ્રાણાયામના ભેદ-પ્રભેદ, શરીર ચિકિત્સા, આયુર્વેદિક ભૂતિકર્મ, વિષવિદ્યા, ભૂત-ભવિષ્યની ઘટનાઓને જાણવાની પદ્ધતિનું નિરૂપણ છે.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ** – તેમાં ૭૨ પુરુષની તથા ૬૪ સ્ત્રીની કળા રૂપ લૌકિક ક્રિયા અને સંયમ-તપના અનુષ્ઠાન રૂપ લોકોત્તર ક્રિયાઓનું કથન છે.

(૧૪) **લોકબિંદુસાર પૂર્વ** – તેમાં સંસાર અને તેના કારણો, મોક્ષ અને તેના ઉપાયો અને લોકાલોકનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આ પૂર્વશ્રુત લોકમાં ઉત્તમ છે.

આ રીતે બારમું દષ્ટિવાદ સૂત્ર તથા ચૌદપૂર્વનું જ્ઞાન વિશાળ છે. જગતના તમામ કથનીય વિષયોનું વર્ણન તેમાં સમાવિષ્ટ થઈ જાય છે. તેથી ચૌદપૂર્વના જ્ઞાતાને શ્રુતકેવળી અથવા જિન નહીં પણ જિન સરીખા

કહ્યા છે.

વર્તમાને પૂર્વનું જ્ઞાન ઉપલબ્ધ નથી, પૂર્વજ્ઞાનના આધારે રચિત શાસ્ત્રો છે.

**(૪) અનુયોગ – તેના બે ભેદ છે – મૂલ પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.**

મૂલ પ્રથમાનુયોગમાં અરિહંત ભગવાનના પૂર્વ ભવોનું વર્ણન છે. તીર્થંકરોનું દેવલોક ગમન, ત્યાંથી ચ્યવન, જન્મ, જન્મ મહોત્સવ, દીક્ષા, સાધના, કેવળ જ્ઞાનની પ્રાપ્તિ, તીર્થની સ્થાપના, ગણધરપદ પ્રદાન, શિષ્ય સમુદાય, તીર્થંકરોના કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, વૈક્રિય લબ્ધિધારી વગેરે મુનિઓની સંખ્યાનું કથન છે.

ગંડિકાનો અર્થ વિષય વિભાજન. ગંડિકાનુયોગમાં પ્રત્યેક વિષયના વિભાજન સહિત વિસ્તૃત વર્ણન છે.

**(૫) ચૂલિકા** – કોઈ પણ વિષયના અવશિષ્ટ અથવા ઉપયોગી વિષયોનું પ્રતિપાદન કરનારા પ્રકરણને ચૂલિકા કહે છે, જેને પરિશિષ્ટ પણ કહી શકાય છે. પ્રથમ ચાર

પૂર્વમાં ચૂલિકાઓનો ઉલ્લેખ છે, શેષમાં ચૂલિકા નથી. આ રીતે ચૂલિકા, તે પૂર્વ રૂપ શ્રુતજ્ઞાનનું અંગ છે.

આ રીતે દ્વાદશાંગી ગણિપિટકની આરાધના કરનાર અનંત જીવો ભૂતકાળમાં સંસાર સાગરને તરી ગયા છે, વર્તમાને સંખ્યાતા જીવો તેના આધારે તરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંત જીવો તેના આધારે જ સંસાર સમુદ્રને પાર કરશે અને તેના વિરાધક જીવો અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

દ્વાદશાંગી ગણિપિટક ભાવની અપેક્ષાએ ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત છે.

**શ્રુતજ્ઞાનનો વિષય – દ્રવ્યથી** શ્રુતજ્ઞાની ઉપયોગયુકત થઈને સર્વ દ્રવ્યોને જાણે–દેખે છે, **ક્ષેત્રથી** સર્વ ક્ષેત્રને, **કાલથી** સર્વ કાલને અને **ભાવથી** સર્વ ભાવને જાણે–દેખે છે.

પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન મૂક છે. એક શ્રુતજ્ઞાન જ વચન વ્યવહારરૂપ છે. શ્રુતજ્ઞાનના માધ્યમથી જ તીર્થંકરો ઉપદેશ આપે છે અને શાસન પરંપરા ચાલે છે. આ રીતે જ્ઞાનમાં શ્રુતજ્ઞાનની વિશેષતા છે.

**શ્રુતજ્ઞાનના અધિકારી** - આઠ ગુણસંપન્ન વ્યકિત જ શ્રુતજ્ઞાનનો અધિકારી બની શકે છે. (૧) વિનયયુકત શિષ્ય ગુરુના સાંનિધ્યમાં રહીને અભ્યાસ કરે. (૨) શંકા થાય, ત્યારે વિનમ્ર બનીને ગુરુને પ્રશ્ન પૂછે. (૩) ગુરુના વચનને સમ્યક્ પ્રકારે સાંભળે. (૪) સાંભળ્યા પછી તે અભિપ્રાયને ગ્રહણ કરે. (૫) ગ્રહણ કરેલા અર્થનું ચિંતન કરે. (૬) ગુરુના વચનોનો 'તહત્તિ' કહી સ્વીકાર કરે. (૭) સ્વીકૃત અર્થને ધારણ કરે (૮) ગુરુની આજ્ઞા પ્રમાણે તેનું પ્રતિપાદન કરે અથવા તે પ્રમાણે આચરણ કરે. આ પ્રકારે જ્ઞાન ગ્રહણ કરનાર સાધકનું જ્ઞાન વૃદ્ધિ પામે છે.

ઉપરોકત ગુણસંપન્ન શિષ્યને ગુરુ સર્વ પ્રથમ સૂત્રનો શુદ્ધ ઉચ્ચાર અને અર્થ શીખવાડે, ત્યાર પછી તે આગમિક શબ્દોની નિર્યુકિત, વૃત્તિ, ભાષ્ય, ઉત્સર્ગ-અપવાદ માર્ગ વગેરે ક્રમશઃ સમજાવે. આ રીતે અભ્યાસ કરાવવાથી શિષ્ય શ્રુતમાં પારંગત બને છે.

આ રીતે પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન કરતું શ્રી નંદીસૂત્ર સાધકના આત્મિક આનંદનું કારણ બને છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર

૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર

૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર

૪) શ્રી સમવાયાંગ સૂત્ર

૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર

૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર

૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર

૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર

૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર

૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર

૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર

૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર

૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર

૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર

૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર

૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર

૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર

૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર

૨૬) શ્રી નંદી સૂત્ર

૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર

૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર

૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર

૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** – 9825193988

◆ કિંમતઃ રૂ. 300/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-